અમરસત

નાટકના ગાયનો.

સને ૧૮૧૫

કીમત બે આના.

છપાવી પ્રસીદ્ધ કર્તા.

શ્રી હિંદ હીર વિજય સમાજ તરફથી

નાથાલાલ લલ્લુભાઈ વકીલના.

હરીપુરા–સુરત

સુરત.

જુની મુંબઇ બેન્કવાળા મકાનમા આવેલા
દેશી મિત્ર એનજીન પ્રીન્ટીંગ પ્રેસમા
મગનલાલ કીકાભાઇએ છાપ્યુ

परमात्माने नमः

"અમરસત્ર" નાટ્ય વિષયક.

પાત્રો.

પુરૂષ વર્ગ

સુત્રધાર. .	નાટ્ય પ્રયોગનો મુખ્ય નાટકકાર.
અમરસત્ર ..	નાટ્ય નાયક, સામત ગજસિંહનો પુત્ર.
વિદ્યાધર .	"ભણેલો ભટ્ટ," અમરસત્રનો મિત્ર.
ધર્મપાળ ...	...ધનપાળનો પુત્ર, ને અમરસત્રનો મિત્ર.
ધનપાળ . .	.. ધર્મપાળનો પિતા ને દ્રવ્યલોભી વાણીક.
સિદ્ધરાજ (ભૂપાળ) .	અત પ્રસ્થનો ચક્રવર્તી
અમર્ષકેતુ } મત્સરધુમ }	ભૂપાળના સામતો { માયાવતીના કાવત્રાના સગી.
મનોરાજ. .	ન્યાયાધિશ.
કૌટિલ્ય ..	.. કોટવાળ
સત્વવર્મા ...	.પ્રધાન
સંધિરાજ ...	...અમરસત્રનો કાકો, એક સામત.

લાડવાશંકર	.લાડુ ભૂખ્યો બ્રાહ્મણ
મદનસિંહ	..ભૂપાળનો સાળો
વિષયસિંહ	બહિપ્રસ્થનો રાજા, ભૂપાળનો શત્રુ

સ્ત્રી વર્ગ

સુભદ્રા	. .ધર્મપાળની સ્ત્રી
માગાવતી	.ભૂપાળની કાવત્રાખોર રાણી
પ્રેમવતી	ધનપાળ શેઠની પત્ની, ધર્મપાળની મા
દાસી	સુભદ્રાની દાસી

અવશેષ વર્ગ. તારીક, શમ્મા, કલ્લુ, પહેરેગીર, પ્રતિહાર બાલકો વિગેરે, વિગેરે



અમરસત્ર

નાટયની પ્રવેશવાર ટુંક હકીકત.

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો—સુત્રધારનુ મગળાચરણ નાટયોદ્દેશ કથન. બાલકોનું ગાન અને આમત્રણ ક્ષમાયાચના.

પ્રવેશ ૨ જો—નગરચર્યા દર્શનાર્થે મધ્યરાત્રિએ અમરસત્ર અને વિદ્યાધરનુ ભ્રમણ ધનપાળ શેઠના ઘર આગળ દુખાર્ત્તા સુભદ્રાનુ આક્રદ.

પ્રવેશ ૩ જો—રાજસભામાથી આવતો ધનપાળ શેઠ પોતાના બારણા આગળ પ્હેરેગીરોને જોઇ આશ્ચર્ય પામે છે, અને પોતાના ઘરમા દાખલ થવા માટે તેમની સાથે તકરાર કરે છે. કૌટિલ્ય આખરે જીતે છે અને ધનપાળ શેઠને આખરે પોતાના પાસેના ઘરમા જવુ પડે છે. એ સમયે સતાઇ રહેલા અમરસત્રની કૌટિલ્યને મારી નાંખવાની વ્યાકુલતા. વિદ્યાધરની વિદ્યાના ઉપયોગથી સાહસનો અટકાવ. આખરે બન્ને ધર્મપાળને ધૈર્ય દેવાનો નિશ્ચય કરી જાય છે.

પ્રવેશ ૪ થો—ધર્મપાળ પોતાના પિતા પાસે, સુભદ્રા સતીનુ રક્ષણ કરવા પ્રવૃત્ત થવાની આજ્ઞા માગે છે. પ્રેમવતી આવી મહા પ્રયત્ને ધનપાળ શેઠ પાસે આજ્ઞા અપાવે છે. શેઠ અને શેઠા-

ણી જતા ધર્મપાળના વિચારો અને નિશ્ચય. આ સર્વ નિહાળી સતાયલા અમરસત્ર અને વિદ્યાધરના વિચારો, અને ઉદ્‌ગારો.

પ્રવેશ ૫ મો—વંટોળીયાશંકર અને ચક્રમદાસ મુસાફર (હાસ્યજનક ફારસ)

પ્રવેશ ૬ ઠો—ધર્મપાળની મેડીએ જઇ અમરસત પોતાનુ શસ્ત્ર બદલી લે છે શસ્ત્ર બદલી ધર્મપાળ રાજ્યસભામાં જાયછે

પ્રવેશ ૭ મો—સુભદ્રાના શયનગૃહમા પાપી મદનસિહનો પ્રવેશ. તેની પાછળ અમર અને વિદ્યાધર પ્રવેશી સતાય છે. મદનસિહની વર્તણુકપરથી થતા વિચારો પાપી પિશાચ સુભદ્રાને સમજાવે છે વિનવે છે. બળાત્કારની ધમકી આપે છે પણ સુભદ્રાનુ સતીત્વ સર્વદા સમાન રહે છે બળાત્કાર થવા જતા મદનસિહનુ છતા થએલા અમરસત્ર અને વિદ્યાધર સાથે યુદ્ધ અને ધર્મપાળના શસ્ત્રથી તેનુ અમરના હાથે મરણ

"ટેબ્લો"

અંક બીજો.

પ્રવેશ ૧ લો—ભૂપાલની કચેરીમાં મદનસિંહના ખુનની તપાસ, ધનપાળને પૂછપરછ. ધર્મપાળ કબુલ કરે છે કે:—

"જે ધર્મ્ય કાર્ય કરતાં કરી વાર ટાણે
તે કાર્ય ધર્મ્ય સમજી કર્યું આ કૃપાણે"

ધર્મપાળે કરેલાં મદનાસહના અવગુણોનુ બ્યાન સાભળી અમર્ષકેતુનો ક્રોધ. પ્રધાને કહાડેલો યોગ્ય રસ્તો.

પ્રવેશ ૨ જો—છપ્પનીઆ કાળની આગમા ધનપાળ શેઠની મૂછ બળી જવાથી તેમણે લગાવેલી બનાવટી મૂછ. વિદ્યાધર અને બદાજી આવી કરે છે-"મૂછની મજા" ધનપાળ તેમને માલ મુદ્દા સાથ કચેરીમા લઇ જાય છે.

પ્રવેશ ૩ જો—સધિરાજના વિચારો. પ્રધાનજીનુ આગમન. અમરસત્રની ઉછૃંખલત્તા અને સધિરાજનુ અપમાન સત્વવર્માની શિખામણથી અમરસત્ર ક્ષમા યાચે છે અને સેનાનાયકનુ પદ પ્રાપ્ત કરે છે.

પ્રવેશ ૪ થો—રણક્ષેત્ર ભૂખના દુ ખથી વ્યાકુળ થએલા પિશાચો આક્રંદ કરે છે. તેના સ્વર સાભળી સૈન્યચર્ચા દર્શનાર્થે નીકળી પડેલા અમરસત્ર અને વિદ્યાધરનુ તે પ્રત્યે આગમન. એ બન્નેની દૃષ્ટિએ અદૃશ્ય રહેલા પિશાચોના સાદ સૂણી ભ્રમણ કરનારાઓની આશ્ચર્યતા. પિશાચોનું અદ્રશ્ય થવું સ્ત્રીઓના પ્રાબલ્ય વિષે વાતચિત. ધર્મપાળનુ આગમન અમરસત્ર વ્યુહરચના સમજાવે છે. વિદ્યાધર, સુભદ્રાને "વધામણી દેવા અને ઓવારણાં" લેવા જાય છે. યુધ્ધ શરૂ થતા પહેલા લશ્કરની પરેટ યુધ્ધમાં શત્રુ વિષયમ્રિહનો ઘાત.

"ટેબ્લો."

પ્રવેશ ૫ મો—તારીક અને શમશાનો વાદવિવાદ શમશા તારીકની નેકી ડુબાડવા ઇચ્છે છે છતા તારીક અડગ રહે છે.

પ્રવેશ ૬ ઠો—સુભદ્રા પોતાના આનદગૃહમા "વાટડી જુએ છે ધર્મપાળની" ધર્મપાળનુ આગમન થતાં વિરહ વ્યાકૂળ થએલા પ્રેમી યુગ્મનો સમાગમ. આનદ પૂરો થતા, "સ્નેહ અને શાતિ"ની સીડીએ ઉત્સરણ. પ્રેમી પખિડા ઉપર

"દિવ્ય જયોતિ."

અંક ત્રીજો.

પ્રવેશ ૧ લો—દુ:ખપીડિત માયાવતીનુ આક્રદ સૂણી, રાજ્ય મેહાલય સમીપ ભ્રમતા અમરસત્રનુ હૃદય દયાર્દ્ર થાય છે વિદ્યાધર તેની મશ્કરી કરે છે સધિરાજનુ આગમન પાપીઓને થએલી શિક્ષા અને પશ્ચાતાપનુ બ્યાન સાભળી વિદ્યાધર "જીભનાં શસ્ત્ર ચલાવવા" જાય છે પણ હજુ પણ પાપીઓને જીવવાની ઇચ્છા છે તે જોઇ પાછો આવે છે અમરમાં થએલો ફેરફાર અને ભૂપાલનુ આમત્રણ થતા જવુ. "ફાની દુનિઆના રગ" જોઇ "પર અર્થે" કામ કરનાર વિદ્યાધરના ઉદ્ગાર.

પ્રવેશ ૨ જો—હજામ ને નથ્થુકાકાનો હાસ્યજનક ફારસ.

પ્રવેશ ૩ જો—સુભદ્રામા શયનગૃહમા [અમષકેતુ છૂપી રીતે પ્રવેશી મિત્ર મદનસિહના ખુનનુ વેર લેવાના નિશ્ચય વિષે ઉદ્ગારો કાઢે છે. કઇક શાત થઇ સુભદ્રાની વાટ જોતો સતાઇ જાય છે. સુભદ્રા, પતિની વાટ જોતી, આવી નિદ્રાવશ થાય છે. પાપી અમષ તેને બુદ્ધિ સુઘાડી બેભાન કરે છે મત્સરધૂમને ઇશારત કરી બને મળી 'સુભદ્રાનુ હરણુ' કરી જાય છે અને પાપીઓ વિજયી થાય છે

પ્રવેશ ૪ થો—લાડુ ભૂખ્યા ભટજી લાડવાશકરના રોદણા લાડવાની આશા મળતા ભટજી પોતાના પ્રાક્રમ તથા જ્ઞાનનુ ખ્યાન કરે છે અને પછી પત્રાળી દડીઆનો ઉપયોગ કરવા જાય છે

પ્રવેશ ૫ મો—અરણ્યની નિર્જન ગુફામા મૂર્છિત સુભદ્રા જાગૃત થતા તેની આશ્ચર્યતા અને સ્થાન ફેર વિષે ભય. તેનો વધ કરવા તત્પર થએલા મત્સરધુમ સાથે વાદવિવાદ. વધની અણી પર સતીનુ સતીત્વ અને ધર્મપાલનુ આગમન કાવત્રાખોર સાથે યુદ્ધ પાપીઓનો નાશ

સીન ચેઇન્જ

ભૂપાલના ઉદ્યાનમા સર્વ સત્યાગ્રહી અને ધર્માષ્ઠ જનોનુ આનદગીત અને **પ્રભુની પ્રાર્થના.**

॥ ॐ શ્રી પરમાત્મને નમઃ ॥

અમરયાત્રા

નાટકના ગાયનો.

અંક પહેલો.

શ્રી મંગળાચરણ.

સુત્રધાર— ૧

જગનાથ ને દીનનાથને
    ભૂપાળકને પ્રણામ હો,
સૃજનાર હો, દુ:ખહારહ હો
    કંઈ કોટીવાર નમીએ તમને–જગનાથને.
શ્રીધર ન–ટ–વર, દુર્ગુણ કાપો,
    તમ ભક્તિ અમ હૃદયે વ્યાપો,
સુખ આપીને દુઃખ કાપજો..........જગનાથને.

બાળકો— ૨

આવો બધુ, નવીન નવીન ભાવો ભજાવો
ખેલી રેલી નાટય આ દીપાવો.
વીર શૂરની વીરતા દીપાવો
રસ રૌદ્રતાને પૂર્ણતા પમાડો,
ખી....લા.. વો. હ... સા. . વો . આવો બધુ
ગભીરતાની છાપ સચોટ પાડો,
શૃગાર રસેલીન કરી નાંખો,
વળી શાતિ પ્રવરતાવો . ... આવો બધુ

અમરસત્ર— ૩

ભર્યું પગલુ કે ગ્રસ્ત ભયેના કદી થવુ
દીધુ ડગલુ કે બ્હીક ધરીના હઠવુ
કદી જીવ જોખમ થાય
કદી પ્રાણ પણ ખોવાય
દેહ કષ્ટ થાય તો એ
ભર્યું પાછુ ન એક........ભર્યું૦
વેણ વાણી ઉચરી
કે પાછી ન ખેચાએ
જીવન ગાંભીર્યમાં
એહ કામ એક...........ભર્યું૦

સુભદ્રા— ૪

સશયને ચકડોળે ચહડતાં
ઉડી ભલે જતાં પ્રાણ
પણ લપટના હૃતો,
સાથે વદવા કડાય નહીં વાણ,
મદનપાળના પદ સમ,
વહી જશે આ વિપત્તિનો કાળ
પણ પરજન ભાષણનુ
ચહડયુ ઉતરે કદાપી નહિ આળ અમરસત્ર.

૫

કૌટિલ્ય–ચૂપ બસ કર મવાલી (૨)
ધનપાળ–અટ્યા ભપકો શો ખાલી (૨)
પહેરેગીર–શેઠ, શાને તકરાર, કરી ખુઓ છો ભાર,
અમે ચીઠ્ઠીના ચાર, નથી વાકે તલભાર
ધનપાળ–ચૂપ રહે, ચૂપ, અલ્યા પહેરેગીર (૨)
કૌટિલ્ય–મોત તણુ ચક્ર ભમે તારે શીર (૨)
ધનપાળ–ભોંય ફાડીને નિકળ્યો જાણે આલમગીર (૨)

વિદ્યાધર— ૬

સ્વાર્થ તજીને સ્વામી તણી સેવા કરવામા રાજીજે
પ્રેમે પતિની સેવા કરતી, ભાગ્યવતી સહુ નારીરે,

સદા પતિને પ્રભુજી પ્રમાણે
કિલ્મિષ દૂર કરી પોતે.. પ્રેમે૦

અમરસત્ર— ૭

જન્મ ધર્યો આ શા માટે
દુખો હરવાને માટે. . ....જન્મ૦
નરનારીનુ રક્ષણ કરવા, ધર્યો મે આ અવતાર
નથી શીરની મને દરકાર
ભલે થાઉ ખ્વાર
સદા તૈયાર ... .. જન્મ૦
પાપીનો સહાર કરવા
હટીશ નહિ હુ લગાર
દુષ્ટોનો કરવા વિદ્ધાર
ધર્મ વિસ્તાર, ધરી તલવાર જન્મ૦

ધર્મપાળ— ૮

રક્ષણ કરૂ સ્નેહ પ્યારી તારૂ રે તારૂ (૪)
જ્યમ દીપકપર પ્રીતે, પતગ કૂદે નિસ્વાર્થે
ત્યમ તુજ માટે પ્રાણ વિદારૂરે (૪)
મદ મદન પૂરો થાશે
વ્હાલી સતીનુ રક્ષણ થાશે
ત્યારે આનદ ચીત ધારૂરે (૫)... રક્ષણ.

ધર્મપાળ—   ૯

બસ મારૂ કાપું તોડું ન છોડું પાપી શીષ
મદમદનનો ત્વરીત ઉતારૂ, ઉચ્છેદુ મષ્તિષ્ક
દાવ મળે કદી નવ ચુકુ,
પત્થરપર પાપીને પછેડું.
વિષમય જવાળા મુખથી ફેંકુ,
બસ બાળી ને ભસ્મ કરી દઉં.
આગથી તાપથી, જવાલથી, શ્વાસથી નર્મ કરી દઉ,
બાહુથી, બળથી, અસ્ત્રથી, શસ્ત્રથી કત્લ કરીશ હુ.

ધર્મપાળ—   ૧૦

જેને સ્હાય પ્રભુ શ્રીકૃષ્ણ, ચિંતા કયમ ઉરે ધરેરે,
જેને કરવુ ન ખોટુ કર્મ, ખાલી તે શીદને ડરેરે.
હિરણ્ય કશિપુને માર્યો હરીએ,
ભકત પ્રહ્લાદ ઉગાર્યો વ્હાલે
(જેને) એવા પ્રભુ છે ઘનશ્યામ, સ્હાય તે શીદને ડરેરે ...સ્હાય.

અમરસત્ર—   ૧૧

મમ શસ્ત્ર લઇ તવ આપ મને,
તવ શસ્ત્ર થકી એના મદને
તોડીશ હુ સ્નેહથી ગર્વ થકો,
સતીના શીળની રક્ષા કરવી.

શોણિત મદનનું એ પીશે
અને તેમાં સ્નાન વળીએ કરશે
પવિત્ર કાર્યને કરવા તુ થા
તૈયાર કૃપાણુ....અરે....મમ
એ પાણીદાર તલવાર ખરી.
જીવ રિપુતણા, ઝટ લેશે અરિ.—મમ.

મદનસિંહ— ૧૨

વાનમાં ધ્યાનમાં તાનમાં (૨)
એ.. ....ગુલતાન છુ.
અધરામૃત પાન કેરી તૃષા પીડિત છુ,
સુણુવા કઈ મીઠડો શબ્દ તૃષાતુર છુ,
સ્નેહથી પ્રણુય શબ્દ કાઢ તુ (૨) એ. .ગુલતાન છું.
આવે એકાંતે નિરાધાર છે.
તોએ એમાં માનશું એ. ગુલતાન છુ.

સુભદ્રા—દુષ્ટ કાઇ બોલવાં લાજે છે.
મદન— આહા શુ મધુરો સ્વર ગાજે છે,
પણુ, અલી, દેહ થાશે ખુવાર
કોણુ કરશે અહિં સ્હાય ?
સુભદ્રા—તેની સાને દરકાર,
સુભદ્રા—દુઃખી દિનના જગરાય.
મદન— એ....ખોટું, એ....ખોટું.

આવી ભયકર ઘોર રાત્રીમાં, ઇશ્વર કે પરમેશ્વર પણ,
આ મદન વીર શુ યુદ્ધ કરીને, સુંદર આ અપ્સરા છુટાવે.
સુભદ્રા—પાપી, નીજ મુખથી તુ આત્મ પ્રસસા,
બકી બકી શુ જોર જણાવે

તારા એવા—

મદન-એમ હોય તો સુદરી શાણી, આત્મ તણી કળ બતાવીજો
કળ જણાવીજો, શૂર દેખાડીજો .એ ગુલતાન છુ.

અંક ૨ જો.

ધર્મપાળ— ૧૩

તોડી જેણે જન્મ મરણ જજાળ
પછી તેને શુ કરવાનો કાળ .... તોડી૦
જીવન પિયુષાબ્ધિમાં ગળીયુ
દેહાસ્મિનુ ભાનજ ટળીયુ
અજરા મર પદ મળીયુ
તેને શુ કરવાનો કાળ
પ્રભુ ભજીને જે પ્રભુતા પામ્યા
તાપ ત્રિવિધિના જેણે વામ્યા
સ્વરૂપે સ્હજ વિરામ્યા...... .... તેને

નિર્ભય રહે, હે તાત આજે
નાથ નૃહરિ, મુજ શિરપર રાજે
ગુણ પ્રિયતમના ગાને .. ..મુજને

'ધર્મ'પાળ— ૧૪

યુક્તિ કરે, ત્યમ રૂકિત જુએ, ક્ષણ સૂકિત વદે. છળને
બળ ધારે
વ્યડળ મંડળ કેર પ્રચડ,
કરે ચ્હડતાં મહિષી અધિકારે
શો પુરવાર જુઓ ઘરબાર,
અપાર સુનાર વિલાપ કરે છે
બાપ ગણી તુજને વિનવે
નૃપ બુદ્ધ છતાં, કયમ બદ્ધ બને છે—અમરસત્ર

કલાવતી— ૧૫

મોરી ફાકડી સુરત બની કયેસી (૨)
મોરા નયનાં (૩) સે મારૂ કટારી કારી. . મોરી.
મોરી તીરછી (૩) નજરીયાસે જાયેરે મરી....મોરી.
મોરા નયનાસે નયના મીલાવો,
હસી....ખુશી....રેન ચેન ઉડાવો.
હાં....આવો, હાં....આવો.
મોરી પતળી કમર લચકાયરે જરી....મોરી.

૧૬

કેવી કૂદે કાકાની મૂછડી (૨)
જાણે જેવી ગદ્ધાની પૂછડી........કેવી૦
આહા, કેવા શોભે છે કાકા (૨)
જાણે ગદધા બન્યા છે પાકા.... ...કેવી૦
મૂંછ ઉંચી નીચી થાય
પટ (૬) થાય
મોટર જોડે જો બધાય
પાછળ ડોસા દોડયા (૨) જાય
બોલે પોપ (૩)
ત્યારે શોભે કાકાની મુછડી કેવી.
કેમ કાકા કેમ છે
આઠેમપર નેમ છે
પણ બચ્ચા આ શુ કરવા માંડયુ છે
એ તો કૂદે કાકાની મૂછડી જાણે.
ચાલ બચ્ચા તમને માલમુદ્દા સાથે કોટડીમાં નંખાવું.

હા ચાલો (૪) કેવી કૂદે.

સત્વવર્મા— ૧૭

બળ ધર્મ તણું કાંઇ લેશ નથી
કાંઈ ધર્મ જતાં અવશેષ નથી........બળ૦

સુરજી ત્યાં પણ અધર્મી રાવણ
રણ સગ્રામ ગયોજ ખરે. બળ૦
પક્ષ ધર્મીનો ઇશ્વર તાણે
પેલા અધર્મીઓ શું જાણે
ખરેખર કાંઈ લેશ નથી

સત્વવર્મા— ૧૮

રાજય તણાં જય સ્તભ (૨)
રણ સગ્રામે દિગ્પાલ ગજવીને,
શાંતિમા સ્નેહ તુ ભરજે,
ખીલવી ખીલાવી, સુખજ સૌ પ્રજાને
દેવા યત્ન તુ કરજે ....રાજય૦
વાણીમાં અમૃત ભરીને
ઈષ્ટ કનીષ્ટ રીઝવજે,
સતોષને સુખ થાય સર્વને
એવી પ્રાર્થના કરજે...... . રાજય૦

ધર્મપાળ— ૧૯

કોઇ એક જને જગમા જન્મી, કાંઇ કાંઈ સુંદર સુકૃત્ય કીધા
કોઇ એક જને નીજ માનવ બધુને, સ્હાય કરી આશિષ લીધા
કોઇ એક જને પ્રકટાવી પ્રસન્નતા, અન્યના હૃદકનુ દુ ખ હર્યુ
કોઇ એક જને મહા વિપદ વિષે, કરી સ્હાય સાર્થક મીત્ર
ધર્મ કર્યો

કોઇ એક જને દેશ સેવા કરૂં, એવું સાચા હૃદયનુ વચન ઉચર્યું
કોઇ એક જને નીજ ધર્મને કાજે, અધર્મી પ્રતિ યુદ્ધ કોઈ આદર્યું

સેનાપતિ— ૨૦

સહુ સરદારો દુશ્મનદારો, મારો, મારોપાર
ખડગ ચલાવી ખનન ખનન વર્ષાવો લઈ ધાર
ખંજર ભાલા, ખટખટ મારો, તરવારોને તીર
ધર ધ્રૂજાવી નેક સમજાવી ચાલો સજ્જન વીર
લટપટ ઝટપટ ઝટપટ ચાલો લલકારી શૂરવીર
મારો ફાડો ત્રાડો જઇ ઉડાવો શત્રુ શીર
રણમા રોળી મારો ગોળી ગર્જતાં ગંભીર.......ધર૦

અંક ૩ જો

માયાવતી— ૨૧

માયા વિહારી, માની ધુતારી
ઝાલીને આરી, વ્હેરે મારી કાય
બાંધીને યારી, માનીને પ્યારી
નાથ વિસારી, વ્હેરે મારી કાય
રગરગ ઝેર ચહડયું મને, લાગી હૈયે આગ

કાળુ પડયું મુખ કજળી કળા, ગઈ, રાખ થયા મુજ રાગ.
મારી થાય ખ્વારી, હારી (૨) રે હારી થઈછુ બિચારી
બ્હેરે.

વિદ્યાધર— ૨૨

જ્ઞાની–આ દુનિયાના કેવા છે રગ (૨)
પરઅર્થે પીઠ તોડુ (૨) તોયે હુ જાણે રોડુ (૨)
અરે આ સર્વ ખેલ ખોટા
પાણીના પરપોટા જ્ઞાની–આ
અરે આ દુનિઆમા અવગુણ દોરગ,
નિસ્વાર્થે કામ કરૂ, તોયે હુ દુષ્ટ ઠરૂ (૨)
અરેરે આ માયા બધી ખોટી
છે ઈદ્રજાળ મોટી જ્ઞાની–આ

લાટવાશકર— ૨૩

ઈકડુન તીકડુન ભાષા જાણુ
મુશલમાન કે પાજી
વિદ્યા ડાકટરની હુ જાણુ
કરૂ મરેલી સાજી.
ગોટપીટ સોટપીટ કરતા જાણુ
બોલુ ભાષા ભારી
મોદક ખાવાની રીત હું જાણુ, બ્રહ્માણની બલીહારી.

૨૨

વળી પ્રાકમ છે મોરામાં ઘણું,
કુતરો ભસતાં નાસુ.
ઉદરના દરમાં દોડી જઇ
લાડવા દશ બાર કાંશુ

સર્વ— ૨૪

મોહનવર વિભુ નટવર નાગર
મોરલીધર મોરારી,
સુખના દાતા, દુ ખને દહતા,
લાલા કુજ વિહારી—મોહન૦
સર્વ દેવને નિર્ભય કીધા,
અનત અસુર સહારી
મુકુટ મણીધર કાને કુડળ,
ઇશ પિતાબર ધારી—મોહન૦

સમાપ્ત.

તંદુરસ્તી ભરેલી જીંદગી એજ ખરૂં તેમજ

મોટું સુખ છે.

લેહેરી સુરતીઓ શોખ માટે બહારથી સ્વચ્છતા દેખાડવામાં
દુનીઆમાં જાણીતા છે તેજ પ્રમાણે શરીરની
અંદરની સફાઈ જાળવી જીંદગી લંબાવવી
હોય તો દીનશા કંપનીનાજ

જાણીતાં પીણાંઓ

સોડા—લેમન
રાસ્પબરી—ચીનો

વીગેરે પીજો હલકા પીણા પીને તંદુરસ્તી બગાડશો નહીં.

હમારા કારખાનામા હીંદુ માણસોથી કામ થાય છે માટે
સરવે જાતના લોકોનો ધરમ સચવાય છે.

દીનશા એન્ડ કંપની વેલાયતી દારૂના વેપારી

કણપીઠ બજાર—સુરત.